# Celebration a Independence Day-2015

તા.15/08/15

શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા ચાલતી IEDSS યોજના અંતગર્ત ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં અને સંસ્થા સંચાલીત કિલકિલાટ મંદબુધ્ધિ ના બાળકોની શાળાના વિકલાંગ બાળકો દ્વારા સ્વંતત્રતા દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં હળવદ , થાન, ચોટીલા, માળીયા, વાંકાનેર, મોરબી ના વિકલાંગ બાળકો તેમજ વાલીઓ અને પ્રવાસી શિક્ષકોઓએ ભાગ લીધો હતો.

સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત હળવદ શહેરના પ્રતિષ્ઠીત અગ્રણી શ્રી વિજયભાઇ દેસાઇ ના શુભ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ સાથોસાથ રાષ્ટ્રગાન ગાઇને ધ્વજને સલામી આપવામાં આવી હતી. તયારબાદ કાર્યક્રમનું સફળ સંચાલન કરતાં સંસ્થાના પ્રવાસી શિક્ષક શ્રી બળવંતભાઇ જોષી દ્વારા સંસ્થાનો પરીચય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી શ્રી નારાયણબાપા એ પોતાના શબ્દોમાં સંસ્થાના કાર્યો તેમજ સંસ્થાની પ્રવૃતિ વિશે આવેલ બાળકો તેમજ વાલીઓ માહીતગાહર કર્યા હતા. ત્યારબાદ સંસ્થા દ્વારા ભોજનની વ્યવસ્થા કરેલ જેમાં બધાજ બાળકો તેમજ વાલીઓ , સ્ટાફગણ એ ભોજન લીધા બાદ આ કાર્યક્રમની પૂર્ણાહુતીની સાથોસાથ સંસ્થાના પ્રવાસી શિક્ષક જગદીશભાઇ દ્વારા આવેલ તમામ મહેમાનો અને વાલીઓ આભાર વ્યકત કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.